# જગદીશ શેટ્ટાર ગૌડાની જગ્યાએ કર્ણાટકના નવા મુખ્યમંત્રી

નવીદિલ્હી, તા. ૮

કર્ણાટકમાં રાજકીય મડાગાંઠનો અંત લાવીને ભાજપે આજે જાહેરાત કરી હતી કે, મુખ્યમંત્રી સદાનંદ ગૌડાએ તેમનું રાજીનામું આપી દીધું છે અને બીએસ યેદ્દિયુરપ્પાનાં વફાદાર જગદીશ સેત્તાર ગૌડાની જગ્યાએ નવા મુખ્યમંત્રી બનશે. સદાનંદ ગૌડાએ ભાજપ પ્રમુખ ગડકરીને તેમનું રાજીનામું સોંપી દીધું છે. શક્તિશાળી નેતા યેદ્દિયુરપ્પાની માંગ સમક્ષ ઝૂકી જઈને સેત્તારને મુખ્યમંત્રી બનાવવા તૈયાર થઈ જતાં સસ્પેન્સનો અંત આવ્યો છે. આગામી વર્ષની શરૂઆતમાં કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. ગૌડાની જગ્યાએ હવે સેત્તારને મુખ્યમંત્રી બનાવવામાં



આવશે. ગ્રામીણ વિકાસપ્રધાન સેત્તારને હવે ગૌડાની જગ્યાએ મુખ્યમંત્રી બનાવવામાં આવશે. કર્ણાટકમાં ઉભી થયેલી રાજકીય પરિસ્થિતિનાં અનુસંધાનમાં ગૌડાએ રાજીનામું સોંપી દીધું હતું, તેમના ગાળામાં ગૌડાએ ઉલ્લેખનીય કામગીરી કરી હતી.

અમારી સરકારની કામગીરી ખૂબ જ સારી રહી છે. ભાજપ પ્રમુખ નિતીન ગડકરીએ પત્રકારો સાથે વાતચીત કરતાં કહ્યું હતું કે, ભ્રષ્ટાચારનાં આધાર ઉપર તેમની સામે કોઈપણ ફરિયાદ નથી. પક્ષનાં હિતોને ધ્યાનમાં લઈને એક સારા પક્ષનાં કાર્યકર તરીકે ગૌડાએ સંસ્થાનાં હિતમાં રાજીનામું આપી દીધું છે. તેમણે જાહેરાત કરી હતી કે, પક્ષ તરફથી તેઓ ગૌડાનું રાજીનામું સ્વીકારી ચૂક્યાં છે. પાર્ટીએ જગદીશ સેત્તારને નેતાગીરી સોંપવાનો નિર્ણય કર્યો છે. પક્ષનાં વરિષ્ઠ નેતાઓ રાજનાથસિંહ અને અરૂણ જેટલી આવતીકાલે બેંગ્લુરુ જશે જ્યાં વિધિવત્ રીતે સેત્તારની ચૂંટણી કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રીની નિમણૂંક કરાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતાં ગડકરીએ કહ્યું હતું કે, આ સંબંધમાં કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. કર્ણાટકમાં આગામી વિધાનસભાની ચૂંટણીને આડે દસ મહિનાનો સમય છે ત્યારે ભાજપ કેન્દ્રીય નેતાગીરી માને છે કે લોકોમાં પ્રતિષ્ઠા જાળવી રાખવા માટે યેદ્દિયુરપ્પા, સેત્તારને પણ જવાબદારી સોંપવામાં આવે તે જરૂરી છે. લિંગાયત સમુદાયમાં આ બંને બિનવિવાદાસ્પદ નેતા છે.

## મુખ્યમંત્રી તરીકે ગૌડાનું કામ શ્રેષ્ઠ : પરિવારજનો

કર્ણાટકનાં મુખ્યમંત્રી તરીકે સદાનંદ ગૌડાએ રાજીનામું આપી દીધાં બાદ ગૌડાનાં પરિવારનાં સભ્યો નારાજ દેખાય રહ્યાં છે. રાજ્યમાં નેતાગીરીની કટોકટી ઉભા થયા બાદ આખરે ગૌડાએ રાજીનામું આપી દીધું છે. આ સંબંધમાં સદાનંદ ગૌડાનાં ભાઈ ડી.વી.ભાસ્કર ગૌડાએ કહ્યું છે કે, જે ઘટનાક્રમ સર્જાયો છે તે થવો જોઈતો નહતો. ગૌડાએ તેમની અવધિ પૂરી કરવી જોઈતી હતી. મુખ્યમંત્રી તરીકે તેમના ગાળાનાં અગિયાર મહિનામાં કોઈપણ પ્રકારનાં બનાવ બન્યાં નથી. તેમની કામગીરી ખૂબ જ પારદર્શક રહી હતી. સદાનંદ ગૌડાનાં માતા કમલાએ પણ આવી જ પ્રતિક્રિયા આપી છે. બીજીબાજુ ગૌડાનાં પત્નીએ કહ્યું છે કે, તેમનાં શાસનમાં કોઈપણ પ્રકારનાં ભ્રષ્ટાચાર થયો નથી. તેમનું સંચાલન ઘણું સારું રહ્યું છે. હાઈકમાન્ડ દ્વારા લેવામાં આવેલાં નિર્ણય સમજાઈ રહ્યાં નથી. જોકે તેમણે કહ્યું હતું કે, ગૌડાએ જે કંઈપણ કર્યું છે તે પક્ષનાં હિતમાં કર્યું છે. બીજીબાજુ આગામી દિવસોમાં ભાજપમાં કર્ણાટકમાં ખેંચતાણ જારી રહેવાનાં સંકેત દેખાય રહ્યાં છે કારણ કે યેદ્દિયુરપ્પા હજુપણ લડાયક મૂડમાં છે. યેદ્દિયુરપ્પા અને ગૌડા વચ્ચે ઘણાં સમયથી ખેંચતાણ ચાલી રહી હતી કારણ કે યેદ્દિયુરપ્પા પાસેથી મુખ્યપ્રધાન પદ લઈને સદાનંદ ગૌડાને સોંપવામાં આવ્યા બાદ યેદ્દિયુરપ્પા એકપછી એક પ્રહાર કરી રહ્યા હતાં. ગૌડાનાં વતન મત વિસ્તારનાં લોકોમાં પણ એવો મત છે કે ગૌડાને અન્યાય થયો છે. ગૌડાને તેમની અવધિ પૂર્ણ કરવાની તક મળવી જોઈતી હતી. સવારે પાંચ વાગ્યાથી મોડી રાત સુધી સદાનંદ ગૌડા સતત ફરજ બજાવતા હતાં તેવો મત ગૌડાનાં પત્નીએ આપ્યો છે.

# મનમોહનસિંહ અપેક્ષા કરતાં ઓછી સફળતા હાંસલ કરનાર વ્યક્તિ : ટાઈમ મેગેઝીન

નવીદિલ્હી, તા. ૮

અમેરિકાનાં લોકપ્રિય અને પ્રતિષ્ઠિત મેગેઝીન ટાઈમે ભારતનાં વડાપ્રધાન મનમોહનસિંહને પોતાનાં કવર ઉપર અંડરએચીવર અથવા તો અપેક્ષા કરતાં ઓછી સફળતા હાંસલ કરનાર વ્યક્તિ તરીકે રજૂ કરતાં સનસનાટી મચી ગઈ છે. ૭૯ વર્ષીય મનમોહનસિંહને ટાઈમ મેગેઝીનનાં કવર ઉપર ૧૬ જુલાઈ ૨૦૧૨નાં અંક માટે સ્થાન આપીને કવર ઉપર અંડરએચીવર સાથે લખવામાં આવ્યું છે કે, ભારતને ફરીથી શરૂઆત કરવા માટે શક્તિશાળી નેતાની જરૂર છે. મેગેઝીને કવર ઉપર પ્રશ્ન કર્યો છે કે, મનમોહનસિંહ ફરી નવેસરથી શરૂઆત કરવા માટે સક્ષમ છે ? ટાઈમ મેગેઝીનનાં કવર ઉપર મનમોહનસિંહને ધ અંડર એચીવર તરીકે રજૂ કરવામાં આવતાં કોંગ્રેસમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સાથેસાથે વિરોધપક્ષોને મનમોહનસિંહની ટીકા કરવાની તક મળી ગઈ છે. મેગેઝીને પોતાનાં એશિયા એડિશનનાં કવર પર મનમોહનસિંહનો ફોટો પ્રકાશિત કર્યો છે. 'એ મેન ઈન સેડો'નાં હેડિંગ સાથે અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે જેમાં ભારતમાં આર્થિક વિકાસદરમાં ઘટાડો, રાજકોષીય ખાધમાં ઘટાડો, સાથે સાથે રૂપિયામાં ઘટાડો જેવી ગંભીર બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કોંગ્રેસનાં નેતૃત્વમાં યુપીએને ભ્રષ્ટાચારનાં એકપછી એક કૌભાંડનો સામનો કરવો પડી રહ્યો છે તેવી બાબતો પણ રજૂ કરવામાં આવી છે. આમાં કહેવામાં આવ્યું છે કે, દેશ-વિદેશનાં મૂડી રોકાણકારો હતાશ થઈ રહ્યાં છે. વધતી જતી



મોંઘવારી અને કૌભાંડનાં કારણે સરકારની વિશ્વસનીયતા સામે પ્રશ્નો ઉભા થઈ ગયા છે. મતદારોનો વિશ્વાસ સરકાર પરથી હટી રહ્યો છે. અહેવાલમાં જણાવાયું છે કે, મનમોહનસિંહમાં જોવા મળતો જાદુ અને આત્મવિશ્વાસ છેલ્લાં ત્રણ વર્ષમાં ગાયબ થઈ ગયો છે. મનમોહનસિંહ પોતાનાં મંત્રીઓને કાબુમાં રાખવામાં નિષ્ફળ રહ્યાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ટાઈમ મેગેઝીનનાં માર્ચનાં ઈશ્યુમાં ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને કવર ઉપર રજૂ કરાયા હતાં. મોદીને વિવાદાસ્પદ, મહત્વકાંક્ષી અને કુશળ નેતા તરીકે રજુ કરવામાં આવ્યાં હતાં. ટાઈમે જણાવ્યું છે કે, ભારતને એક નવી શરૂઆતની જરૂરત છે. મનમોહનસિંહ આના માટે યોગ્ય છે કે કેમ તેવો પ્રશ્ન ઉભો કરાયો છે. મનમોહનસિંહે ૯૦નાં દશકમાં અર્થવ્યવસ્થાને ઉદાર બનાવવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી હતી. ભારતીય બજારમાં આવેલાં ટાઈમનાં આ ઈશ્યુ અંગે જણાવવામાં આવ્યું છે કે, ભારતીય અર્થતંત્રને ઉદાર બનાવવામાં તેમની ભૂમિકા બદલ મનમોહનસિંહની હંમેશાથી પ્રશંસા થઈ છે પરંતુ ટાઈમે મનમોહનસિંહને એક નબળા નેતા તરીકે રજૂ કર્યા છે અને જણાવાયું છે કે, સુધારાઓ જારી રાખવામાં મનમોહનસિંહ ઈચ્છુક દેખાય રહ્યાં નથી. સુધારાઓથી દેશને પ્રગતિનાં માર્ગ ઉપર ફરી મૂકી શકાય છે. ટાઈમનાં આ અહેવાલમાં જણાવાયું છે કે, આર્થિક વિકાસમાં નબળાઈ સૌથી મોટો પડકાર છે. આર્થિક દિશા નક્કી કરવામાં નિષ્ફળતાનાં આક્ષેપ મનમોહનસિંહ સરકાર ઉપર સતત થતાં રહ્યાં છે. મનમોહનસિંહના પતનનો ઉલ્લેખ કરીને ટાઈમમાં જણાવવામાં આવ્યું છે કે, છેલ્લાં ત્રણ વર્ષમાં શાંત આત્મવિશ્વાસ મનમોહનસિંહ ગુમાવી ચૂક્યા છે. તેમનાં નવા મંત્રાલયમાં અસ્થાયી કામકાજ અને સુધારાઓને લઈને વધારે ઈચ્છુક દેખાય રહ્યાં નથી. ટાઈમે એકપછી એક મુદ્દાઓ વિસ્તારપૂર્વક ઉઠાવ્યાં છે. વિકાસ અને નોકરીની તકોને વધારવા સાથે સંબંધિત બિલ સંસદમાં અટવાઈ પડ્યાં છે.

# પ્રણવને ચાર રાજ્યોમાં બધાં મત મળે તેવી પ્રબળ શક્યતા

નવીદિલ્હી, તા. ૮

રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં કેરળ, ત્રિપુરા, નાગાલેન્ડ અને સિક્કિમમાંથી કોઈપણ મત યુપીએનાં ઉમેદવાર પ્રણવ મુખર્જીનાં વિરોધમાં પડવાની સંભાવના દેખાય રહી નથી જેથી એનડીએનાં ઉમેદવાર પી.એ.સંગમાને નિરાશા હાથ લાગી શકે છે. કેરળ, ત્રિપુરા, નાગાલેન્ડ અને સિક્કિમમાં સાંસદો અને ધારાસભ્યોનાં તમામ રાજકીય પક્ષોએ સત્તાવાર રીતે પ્રણવને ટેકો આપવાની જાહેરાત કરી દીધી છે. અલબત્ત, કેરળ અને ત્રિપુરામાં વધારે પ્રતિનિધિત્વ ધરાવતા સીપીઆઈ અને આરએસપીએ પોતાને મતદાનથી દૂર રાખવાનો નિર્ણય કર્યો છે. નાગાલેન્ડ અને સિક્કિમમાં પ્રતિનિધિઓનાં સમગ્ર મત પ્રણવને મળવાની સંભાવના છે. તમામ રાજ્યોમાં સીપીએમ સહિત આશરે તમામ રાજકીય પક્ષોનાં મત યુપીએનાં ઉમેદવારને મળશે. સીપીઆઈ દ્વારા પહેલાંથી જ પ્રણવને ટેકો આપવાની જાહેરાત કરી દેવાતાં પ્રણવને રાહત થઈ છે.



એકંદરે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં પ્રણવની જીત નિશ્ચિત દેખાય રહી છે. તેમનાં કુલ મતની કિંમત ૬.૫૦ લાખ છે જે જરૂરી મત કરતાં વધારે છે. એનડીએનાં સાથી પક્ષો પૈકી શિવસેના અને જેડીયુ દ્વારા પણ પ્રણવને ટેકો આપવાની વાત કરવામાં આવી ચૂકી છે. સંગમાને આશરે ૩.૨૦ લાખ મત મળવાની સંભાવના છે. તૃણમૂલનાં મત મળે તો તેમનાં મતની સંખ્યા ૩.૬૫ લાખ થઈ શકે છે. લોકસભા અને રાજ્યસભામાં રાજ્યનાં ૨૯ સભ્યો છે. ત્રિપુરામાં ૬૦ ધારાસભ્યો અને ૩ સાંસદોની સાથે મુખર્જીનાં મત મળી જાય તો કિંમત ૩૬૦૬ થઈ શકેછે. નાગાલેન્ડ અનેસિક્કિમનાં વોટની કિંમત ક્રમશઃ ૧૯૫૬ અને ૬૦૪૦ છે. મેઘાલયમાં સંગમાનું વર્ચસ્વ છે, અહીં વોટની કિંમત ૩૨૦૪ છે. રાષ્ટ્રપતિની ચૂંટણી ૧૯ જુલાઈએ યોજાનાર છે. મતગણતરી ૨૨ જુલાઈએ થનાર છે.

# ડોન દાઉદને સોંપવા પાક. સામે અડવાણીની માગણી

નવીદિલ્હી, તા. ૮

સાઉદી અરેબિયામાંથી ૨૬/૧૧ મુંબઈ હુમલાનાં હેન્ડલર અબુ જુંડાલનાં પ્રત્યાર્પણનાં અનુસંધાનમાં ભાજપનાં વરિષ્ઠ નેતા અડવાણીએ આજે તેમની પ્રતિક્રિયા આપી હતી. અડવાણીએ કહ્યું હતું કે, જો પાકિસ્તાન સરકાર આતંકવાદીઓ સામે વધુ કઠોર પગલાં લેશે અને ત્રાસવાદીઓને સુરક્ષિત છત્ર આપવાનું બંધ કરશે તો પાકિસ્તાન સાથે સંબંધોમાં સુધાર થઈ શકે છે. અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ જેવા આતંકવાદીઓને પાકિસ્તાને શરણ આપવું જોઈએ નહીં અને આ કુખ્યાત આતંકવાદીઓને ભારત સરકારને સોંપી દેવા જોઈએ. તેમનાં નવેસરનાં બ્લોગમાં અડવાણીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, સરહદપારથી આતંકવાદ જારી છે. પાકિસ્તાનનાં વિદેશ સચિવ જલીલ અબ્બાસ જિલાની સમક્ષ પણ આ વાત કરવામાં આવી ચૂકી છે. જિલાની જ્યારે તેમને મળ્યાં ત્યારે આ જ વાત કરી હતી. અડવાણીએ કહ્યું હતું કે, આતંકવાદનાં મુદ્દા પર ભારત-પાકિસ્તાન વચ્ચે ખેંચતાણની સ્થિતિ રહેલી છે કારણ કે પાકિસ્તાનમાં હજુપણ ખતરનાક આતંકવાદીઓ અને ફરાર અપરાધીઓ છુપાયેલા છે અને આ શખ્સોને સુરક્ષિત શરણ મળેલી છે. સાઉદી અરેબિયામાંથી તાજેતરમાં જ લાવવામાં આવેલાં અબુ જુંડાલની આકરી પૂછપરછ થઈ રહી છે. અડવાણીએ કહ્યું હતું કે, પાકિસ્તાન પણ સાઉદીની જેમ જ દાઉદને ભારતને સોંપી શકે છે. આનાથી પાકિસ્તાન અંગે ભારતમાં લોકોની પ્રતિષ્ઠા તરત જ બદલાઈ જશે. તેમણે યાદ અપાવ્યું હતું કે, જિલાની સાથેની વાતચીત દરમિયાન તેઓએ કહ્યું હતું કે, પાકિસ્તાન વાજપેયી-મુશર્રફ કરાર બાદ ગંભીર નથી.

# આમિરનાં શોમાં જાતિવાદનો ક્રૂર-ખતરનાક ચેહરો રજૂ થયો

મુંબઈ, તા.૮

આમિર ખાનનાં લોકપ્રિય શો સત્યમેવ જયતે બોલ્ડ અને વિવાદાસ્પદ વિષયો તરફ વધતાં કેટલાંક ચાહકોએ હવે આની સામે પ્રશ્નો ઉઠાવવાની શરૂઆત કરી દીધી છે. આમિર ખાને આજે જાતિવાદનાં ખતરનાક ચેહરાને ઝીણવટભરી રીતે રજૂ કર્યો હતો. સાથે સાથે ઘણાં કડવા શબ્દોમાં રજૂઆતો કરી હતી. આમિરે કાર્યક્રમ શરૂ થતાં પહેલાં જ કહ્યું હતું કે, આ શોમાં ઘણાં ખરાબ શબ્દોનો ઉપયોગ થનાર છે જેનો હેતુ કોઈને નુકસાન પહોંચાડવાનાં ઈરાદાથી નહીં પણ વાસ્તવિકતા રજૂ કરવાનો ઈરાદો છે. ત્યારબાદ આમિર ખાને એવા લોકો સાથે ઓળખ કરાવી હતી જે જાતિ આધારિત ભેદભાવનાં કારણે પરેશાન થયેલાં છે. આમિરે દિલ્હી યુનિવર્સિટીનાં પ્રોફેસર કૌશલ પવારની ઓળખ કરાવ હતી જે બાળપણથી જાતિવાદનાં કઠોર



શબ્દોનો અનુભવ કરતાં આવ્યાં છે. પવારે કહ્યું હતું કે, યુનિવર્સિટીમાં પણ તેમની સાથે જાતિ આધારિત ભેદભાવ થયો હતો. શોમાં બલવંતસિંહ નામના એક આઈએસ અધિકારીની પટકથા રજૂ કરાઈ હતી. આ અધિકારીએ ૧૯૬૨માં નોકરી છોડી દીધી હતી. તેમનાં જુનિયર અધિકારી અને પટાવાળા પણ તેમનું અપમાન કરતા હતાં. ઓરિસ્સાનાં એવા મંદિર પણ દર્શાવવામાં આવ્યા હતાં જ્યાં દલિતોનાં પ્રવેશ ઉપર અંકુશ છે. ઉત્તર ભારત થી લઈને દક્ષિણ સુધી અને અન્ય સ્થળોમાં જુદી જુદી જગ્યાઓએ જાતિવાદની સ્થિતિ પ્રવર્તી રહી છે. આમિરે શોમાં માત્ર હિંદુ જાતિવાદની વાત કરી નહતી. મુસ્લિમ, શીખ, ખ્રિસ્તી ધર્મમાં પણ જાતિવાદની પ્રથા છે. દક્ષિણ ભારતમાં દલિત ખ્રિસ્તીઓનાં અલગ કબ્રસ્તાન છે. ઈસ્લામમાં જાતિવાદ માટે કોઈ જગ્યા નથી પરંતુ મુસ્લિમોમાં પણ જાતિનાં નામ પર વ્યાપક ભેદભાવ છે. આમિરનાં આ શોને ચાહકોએ હજુસુધીનાં કાર્યક્રમોની સરખામણીમાં સૌથી બોલ્ડ ગણાવ્યો હતો.

# રૂપિયો સપ્તાહમાં ૫૪.૫૦, ૫૫.૩૦ની રેન્જમાં રહેશે

મુંબઈ, તા.૮

છેલ્લાં થોડાંક કારોબારી સેશનમાં પ્રાથમિક લાભ મેળવ્યા બાદ રૂપિયો આ સપ્તાહમાં ડૉલર સામે ૫૪.૫૦, ૫૫.૩૦ની રેન્જમાં રહે તેવી શક્યતા છે. નિષ્ણાંતોએ અભિપ્રાય આપતાં જણાવ્યું છે કે, રૂપિયાની આ સ્થિતિ માટે ઘણાં પરિબળો જવાબદાર દેખાઈ રહ્યાં છે. આઈડીબીઆઈનાં નિષ્ણાંત એસ.વૈંકટેશે કહ્યું છે કે, એફઆઈઆઈ પ્રવાહ અને પૉલિસી જાહેરાત ડૉલર



સામે રૂપિયાની દિશા નક્કી કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે. સતત ત્રીજા દિવસે રૂપિયામાં ઘટાડો નોંધાતાં શુક્રવારે રૂપિયો ૪૫ પૈસા ઘટીને ડૉલર સામે ૫૫.૪૨ની સપાટીએ રહ્યો હતો. આરબીઆઈની દરમિયાનગીરી છતાં રૂપિયો નીચી સપાટીએ રહ્યો હતો. વૈશ્વિક અનિશ્ચિતતા વધુ ઘેરી બન્યાં બાદ ડૉલરની માંગ ફરી સુધરી છે. ગયા સપ્તાહમાં ચીની, યુરોપિયન અને બ્રિટીશ સેન્ટ્રલ બેંકોએ અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે ઘણાં સ્ટીમ્યુલસ પેકેજ જાહેર કર્યા હતાં. વૈશ્વિક અર્થતંત્રનાં વિકાસ પાસાઓ અંગે દહેશતને ધ્યાનમાં લઈને આ નાણાંકીય પગલાં જાહેર કરવામાં આવ્યા હતાં. મૂડીરોકાણકારો આત્મવિશ્વાસ જગાવવાનો હેતુ રાખવામાં આવી રહ્યો છે. અન્ય જાણકારોનું કહેવું છે કે, આ સપ્તાહમાં કારોબારી રેન્જ અંગે રૂપિયો ૫૪.૫૦, ૫૫.૭૦ વચ્ચે રહી શકે છે. સરકાર કેટલાંક નક્કર પૉલિસી પગલાં જાહેર કરવાની તૈયારીમાં છે. સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડે ગયા સપ્તાહમાં રૂપિયા માટે ટૂંકાગાળાનાં રેટિંગને અપગ્રેડ કર્યો હતો.

# રાષ્ટ્રપતિ ચૂંટણી : પ્રણવદા જમ્મુ-કાશ્મીરની મુલાકાતે

જમ્મુ, તા. ૮

યુપીએનાં રાષ્ટ્રપતિ પદનાં ઉમેદવાર પ્રણવ મુખર્જી રાષ્ટ્રપતિની ૧૯ જુલાઈએ યોજાનારી ચૂંટણી માટે ક્ષેત્રીય રાજકીય પક્ષોનો ટેકો મેળવવાનાં હેતુસર જમ્મુ-કાશ્મીરની મુલાકાત લેશે. શાસક નેશનલ કોન્ફરન્સ, પીડીપીનાં નેતાઓ સાથે તેઓ વાતચીત કરશે. ૧૫ જુલાઈનાં દિવસે પ્રણવ શ્રીનગર પહોંચશે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા પહેલાંથી જ યુપીએનાં ઉમેદવારને ટેકો આપી ચૂક્યા છે જ્યારે પીડીપી દ્વારા હજુ કોઈ નિર્ણયની જાહેરાત કરાઈ નથી. રાજ્ય વિધાનસભામાં એનસી ૨૮ સભ્યો ધરાવે છે અને સંસદમાં ૬ સભ્યો ધરાવે છે. પીડીપી રાજ્ય વિધાનસભામાં ૨૧ સભ્યો ધરાવે છે જ્યારે સંસદમાં હાજરી નથી.

# પ્રાચી અને એક્તા કપૂરના સંબંધો તૂટ્યા : અહેવાલ

મુંબઈ, તા.૮

એક્તા કપૂર અને પ્રાચી દેસાઈ વચ્ચેની મિત્રતા હવે તુટી ચુકી છે. એક સમયે ખૂબ જ નજીકની મિત્રો રહેલી એક્તા અને પ્રાચી વચ્ચે હવે બોલવાના પણ સંબંધ નથી. એક્તા કપૂરે કહ્યું છે કે પ્રાચી દેસાઈ ઘણા મામલામાં અયોગ્ય વલણ અપનાવી રહી છે. ટેલિવિઝન સિરિયલમાં મહત્વપૂર્ણ ભુમિકામાં પ્રાચીને રજૂ કરવામાં આવ્યા બાદથી એક્તા કપૂર સાથે પ્રાચીના સંબંધો ખૂબ જ મજબૂત બન્યા હતા અલબત્ થોડાક સમય બાદ જ સંબંધો વણશી ગયા હતા. પ્રાચીએ લોકપ્રિય ટેલિવિઝન સિરિયલ રોક ઓન ફિલ્મ મળી ગયા બાદ છોડી દીધી છે. જેથી સંબંધોમાં તિરાડ પડી હતી. જો કે મોડેથી મતભેદો દૂર કરવામાં આવ્યા હતા અને એક્તા કપૂરે વન્સ અપન એ ટાઈમ ઈન મુંબઈમાં તેને ચમકાવી હતી. હવે પ્રાચી અને એક્તા વચ્ચેના સંબંધ ફરી વણસી ચુક્યા છે. સિક્વલ ફિલ્મની પટકથા તૈયાર થઈ રહી હતી ત્યારે પણ પ્રાચી દેસાઈને ધ્યાનમાં લેવામાં આવી હતી. જો કે મોડેથી તેના રોલને ઓછો કરી દેવામાં આવ્યો હતો. પ્રથમ ભાગમાં તેની ભુમિકા ઉપયોગી હતી. સોનાલી બેન્દ્રેને નવી ઓફર થઈ છે. વન્સ અપન એ ટાઈમ ઈન મુંબઈથી પ્રાચીની લોકપ્રિયતા વધી હતી. પરંતુ પ્રાચીએ હાલમાં જ બોલ બચ્ચન ફિલ્મમાં કામ કરવા તૈયારી બતાવી હતી જેથી એક્તા સાથે સંબંધો વણસ્યા હતા. એક્તા કપૂર અને રોહિત શેટ્ટી વચ્ચે ખૂબ સારી મિત્રતા હોવા છતા એક્તાને આ વાત ગમી નથી. એક્તાના આવાસમાં યોજાયેલી પાર્ટીમાં પણ પ્રાચી આવી ન હતી. બીજી બાજુ એક નજીકના મિત્રએ એક્તાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે એક્તા હાલ દુબઈમાં છે. ફિલ્મમાં પ્રાચીની ભુમિકામાં પુછવામાં આવતા નિર્દેશન મિલન લુથરિયાએ કહ્યું હતું કે તેમની પાસે કોઈ માહિતી નથી.

# અમિતાભ ધાર્મિક સ્થળ પુસ્કરમાં શૂટીંગ કરશે

મુંબઈ, તા. ૮

અમિતાભ બચ્ચન લોકપ્રિય ધાર્મિક સ્થળ પુસ્કરમાં શૂટિંગ કરનાર છે. મળેલી માહિતી મુજબ જયપુર, જોધપુર, ઉદેપુર અને પુસ્કરમાં હવે શૂટિંગ કરવામાં આવનાર છે. અમિતાભની સાથે સાથે મનોજ બાજપાઈ, અનુપમ ખેર, ઓમપુરી, જેકી શ્રોફ, અતુલ અગ્નિહોત્રી પણ શૂટિંગના હેતુસર પહોંચનાર છે. બોલિવુડની સેક્સ સિમ્બોલ ગણાતી મલ્લિકા શેરાવત પણ હોટલમાં ડાન્સ સિક્વલ માટે પહોંચનાર છે. અમિતાભ બચ્ચન અને અન્ય કલાકારોની હાજરીને ગુપ્ત રાખવા હોટલ સત્તાવાળાઓને વિનંતી રાખવામાં આવી છે. લોકોને જાણ કરવાની સ્થિતિમાં ચાહકો વધુ પહોંચી શકે છે. આરામ બાગ પેલેસમાં શૂટિંગ કરવામાં આવનાર છે. હોટલ રૂમ અને બુકિંગની પ્રક્રિયા પૂરી થઈ ચુકી છે. શૂટિંગ માટેની અંતિમ તારીખ અપાવી નથી.

# કાશ્મીરમાં અટવાયેલાં ૪૦૦ લોકોને બચાવાયાં

શ્રીનગર, તા. ૮

જમ્મુ-કાશ્મીરનાં લેહ જિલ્લામાં ચાંગલાપાસ ખાતે ભેખડો ધસી જવાનાં કારણે અટવાઈ પડેલાં ૪૦૦ જેટલાં પ્રવાસી અને સ્થાનિક લોકોને બચાવી લેવામાં સફળતા મળી છે. સેનાનાં સૂત્રોએ આજે માહિતી આપતાં કહ્યું હતું કે, ભેખડ ધસી પડવાનાં કારણે ગઈકાલે ચાંગલાપાસ નજીક ૧૦૦થી વધુ વાહનો અટવાઈ પડ્યા હતાં. નાગરિક વહીવટીતંત્ર, પોલીસ અને સેનાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને તમામને બચાવી લીધાં છે. વરિષ્ઠ પોલીસ અધિકારીએ શ્રીનગરથી ૪૩૪ કિલોમીટરનાં અંતરે લેહમાંથી ફોન પર વાતચીત કરતાં જણાવ્યું છે કે, સ્થિતિને સામાન્ય બનાવવાનાં પ્રયાસ કરવામાં આવી રહ્યાં છે. અટવાઈ પડેલાં યાત્રીઓને બહાર કાઢવા માટે વૈકલ્પિક રસ્તો તૈયાર કરાયો છે. અટવાઈ પડેલાં લોકોમાં ૩૦૦ પ્રવાસી સહિત ૧૦૦ સ્થાનિક લોકોનો સમાવેશ થાય છે. ભેખડ ધસી પડવાનાં કારણે કોઈનું મોત થયું નથી.

## પરણેતરની પ્રીત (પાના નં. ૪ નું ચાલુ)

'અરે માસી દેવાભાઈએ તો અમારા પટાવાળાનો પણ કૉલર પકડી તમાચો મારી દીધેલ અને ચીસ પાડી બોલી ઉઠેલ.' ગગજી હું તમે મારી નાખીશ.' આમ દેવાભાઇ ગાંડા જેવા થઇ જતાં ડૉકટરે ઘેનનું ઈન્જેકશન આપતા તે સુઇ ગયેલાં.' સીસ્ટરે કહ્યું.

સીસ્ટરની વાત સાંભળતા સોનબાને લાગ્યું કે દેવાની તબિયત બગડવાનું મુખ્ય કારણ આ કંકુની કાન ભંભેરણી જ છે. સોનબા અને મુખીની નજર સમક્ષ છંછૂદર કંકુ તરવરવા લાગી. દેવાના માનસમાં આગ લગાડનાર આ મંથરા કંકુ જ છે. સોનબાની આંખોમાંથી અંગારા વરસવા લાગ્યા. પછી કાળજુ કઠણ કરીને સીસ્ટરને કહ્યું, 'બહેન, હવે મને એ દાદા અને તેમની દીકરી પાસે લઇ જાય.'

'માસી દાદાને અને તમારા દીકરાને સારું થઇ જતાં આજે જ તેમને રજા આપી દીધી.'

'પણ મારે દેવો એકલો ગયો.'

'ના... દેવાભાઇને અશક્તિ હતી એટલે દાદાની દીકરીના ખંભે હાથ મૂકી ધીમે ધીમે ડગલાં ભરતાં ભરતાં દવાખાનાના સ્ટાફે રીક્ષામાં બેસાડી દીધેલાં.'

'અરે... મારા દીકરા... તું એકલો કયાં ગયો તારી બિમારીમાં તારા મા-બાપ સેવાચાકરી કરી ન શક્યા તું એકલો એકલો મુંજાતો હઈશ. તને કેટલી પીડા થતી હશે! અરે, ઓ દીકરા... હવે તને હું કયાં શોધું' રડતાં રડતાં સોનબા મુખીને વળગી પડ્યાં.

મુખીની આંખોમાં પણ આંસુ આવી ગયા અને સોનબાને ધીરજ આપતાં કહ્યું, 'સોનલ હવે કાંઇ ચિંતા કરવી જેવું નથી હવે તો દેવુને રજા આપી દીધી છે. એમ બોલતાં બોલતાં બંને કાળજું કઠણ કરીને ભારે હૈયું આંસુ સારતાં સારતાં દવાખાનાનાં પગથિયાં ઉતારવા લાગ્યાં.'

(ક્રમશઃ)

## હું રસ્તે રઝળતી વારતા (પાના નં. ૪ નું ચાલુ)

અંજલીઓ વિવિધ અપાઇ પણ એમાં મુનશીની કક્ષાના લેખકની કનૈયાલાલ મુનશીએ આ શબ્દોમાં અંજલી આપી.

"એમના મૃત્યુથી ગુજરાતી સાહિત્યે અમોલ રત્ન ગુમાવ્યું છે. એમની કલ્પના સમૃધ્ધ હતી અને તેથી જે સૃષ્ટિ જે સર્જી તે લાંબા ગાળા, કાળ સુધી ગુજરાતી માનસને આનંદ અને પ્રેરણા આપશે. ગુજરાતના રોમેન્ટિક યુગના તેઓ એક અગ્રગણ્ય પ્રતિનિધિ હતા.

એમની નવલકથાઓએ ગુજરાતના અતિતને નવું સ્વરૂપ આપ્યું છે. નવલિકા લેખનના તો તેઓ સ્વામી હતા. તેમની કેટલીક નવલિકાઓમાં સૌંદર્ય અને સુરેખતા નીતરે છે. તેમાં જે મૃદુતા અને ભાવ નિરૂપાયા છે તે ભારતના સાહિત્યના ઇતિહાસમાં અમર છે."

ધૂમકેતુ નિખાલસ હૃદયના હતા.

અભિમાન એમને સ્પર્શ્યુ ન હતું. સૌજન્ય એમને વર્યું હતું.

**- સંદર્ભ પુસ્તક : માહિતી નિયામકનો અંક**

## શબ્દ સમીપે (પાના નં. ૪ નું ચાલુ)

નવલકથાના આ અનુવાદ માટે જે લેખકોની તેમને હૂંફ અને પ્રેરણા પ્રાપ્ત થઇ છે તેનો ઋણ સ્વીકાર પણ આગળના પાને અનુવાદકે કર્યો છે જેમાં ચંદ્રકાન્ત ટોપીવાલા, ચંદ્રકાન્ત શેઠ, કુમારપાળ દેસાઇ, પ્રવિણ દરજી અને વિનાયક રાવલ, લાભ ઠાકર, રઘુવીર ચૌધરી, આચાર્ય વી.જે. ત્રિવેદી, ચિનુ મોદી તેમજ હસુ યાજ્ઞિકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગુર્જર સાહિત્ય ભવનના નેજા હેઠળ હર્ષ પ્રકાશન દ્વારા પ્રગટ થયેલ વિશ્વ સાહિત્યની આ નવલકથા વાચકોને રસ તરબોળ કરનાર તો છે જ પણ એક આગવી અને અનોખી સૃષ્ટિમાં લઇ જનાર છે તેવું લાગ્યા વિના રહેશે નહીં તે માટે તમારે નવલકથા વાંચવી જ રહી.

**સો વર્ષ એકલતાનાં**

**લેખક - ગેબ્રિયલ ગાર્શિયા માર્કવેલ, અનુવાદ - રવીન્દ્ર ઠાકોર**

**પ્રકાશક - ગુર્જર સાહિત્ય ભવન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, કિંમત - રૂા. ૨૫૦/-, પૃષ્ઠ ૮ + ૩૨૮**

# બનાવટી નોટને ઓળખી કાઢવા વેબસાઈટ લોન્ચ

નવીદિલ્હી, તા.૮

સામાન્ય લોકો વચ્ચે બનાવટી નોટોનાં મામલામાં જનજાગૃતિ ફેલાવવાનાં હેતુસર રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ એક નવી વેબસાઈટ લૉન્ચ કરી છે. આરબીઆઈએ 'પૈસા બોલતા હે' નામથી આ વેબસાઈટ લૉન્ચ કરી છે. આમાં બનાવટી નોટની ઓળખ કરવાનાં તોરતરીકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આરબીઆઈએ આ વેબસાઈટની લિંક પોતાની મુખ્ય વેબસાઈટ પર મૂકી દીધી છે. આ વેબસાઈટ પર રૂપિયા ૧૦,૨૦,૫૦,૧૦૦, ૫૦૦ અને ૧૦૦૦ની નોટને ઓળખી કાઢવા માટે વિગતવાર માહિતી આપવામાં આવી છે. વેબસાઈટ પર વધુ માહિતી મેળવવા માટે નોટનાં ફોટા ઉપર ક્લિક કરવાની માહિતી આપવામાં આવી છે. ક્લિક કર્યા બાદ કોઈપણ નોટ ઉભરીને સ્ક્રીન પર આવશે.